# ગુજરાત રાજયની પ્રાથમિક અને માધ્યમિક શાળાના આચાર્યોની આપત્તિ વ્યવસ્થાપન પરત્વેની જાગૃતતાનો અભ્યાસ

ર્ડા. નરેશ ઝેડ. હેરમા
વ્યાખ્યાતા
ગુ. હ. સંઘવી શિક્ષણ મહાવિદ્યાલય, ભાવનગર

**૧. પ્રસ્તાવના**

માનવ સમાજ કુદરતી અને માનવસર્જિત આપત્તિથી સતત પ્રભાવિત થતો રહયો છે. ગુજરાત અને જમ્મુ કાશ્મિરમાં આવેલ ભુકંપ અને તામીલનાડુની શાળામાં લાગેલ આગ દરમ્યાન વિદ્યાર્થીઓની થયેલ જાનહાની શાળાઓની આપત્તિ વ્યવસ્થાપન પ્રણાલી અંગે ઘણું કહી જાય છે. ભારતમાં પ્રસ્તુત વિષય અંગેનાં સંશોધનો નોંધાયેલ નથી પરંતુ વિકસીત દેશોમાં શિક્ષણ સંસ્થાઓના વહિવટદારો અને આપત્તિ વ્યવસ્થાપનના ક્ષેત્ર સાથે જોડાયેલ લોકો માટે આ ક્ષેત્ર રસનો વિષય રહ્યો છે. [જુઓ,Bearc (1980), Quarantelli, (1985), Fink (1986) Raphail (1986) Dynes (1970) અને Kuban (2005)] પ્રસ્તુત અભ્યાસ વડે ભારત જેવા વિશાળ અને વિવિધતાથી સભર રાષ્ટ્રની આવી જ વિવિધતા ધરાવતી શાળાઓના સંદર્ભે નવું જ્ઞાન પ્રાપ્ત થશે.

**૨. અભ્યાસ હેઠળની સમસ્યા**

ગુજરાત રાજયની પ્રાથમિક અને માધ્યમિક શાળાના આચાર્યોની આપત્તિ વ્યવસ્થાપન પરત્વેની જાગૃતતાનો અભ્યાસ.

**૩. અભ્યાસના હેતુઓ**

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ નીચે મુજબ હતા.

૧. પ્રાથમિક અને માધ્યમિક શાળાનાં આચાર્યોની આપત્તિ વ્યવસ્થાપન પરત્વેની જાગૃતતા ચકાસવા માટેનાં ઉપકરણની રચના કરવી.
૨. પ્રાથમિક અને માધ્યમિક શાળાનાં આચાર્યોની આપત્તિ વ્યવસ્થાપન પરત્વેની જાગૃતતા ચકાસવી.

**૪. અભ્યાસની ઉત્કલ્પનાઓ**

પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પનાઓ નીચે મુજબ હતી.

$Ho_1$: પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના આચાર્યોમાં આપત્તિ વ્યવસ્થાપન અંગેની જાગૃતતામાં સાર્થક તફાવત નહિ હોય.

$Ho_2$: ગ્રામ્ય અને શહેરી વિસ્તારની શાળાઓના આચાર્યોમાં આપત્તિ વ્યવસ્થાપન અંગેની જાગૃતતામાં સાર્થક તફાવત નહિ હોય.

$Ho_3$: ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના આચાર્યોમાં આપત્તિ વ્યવસ્થાપન અંગેની જાગૃતતામાં સાર્થક તફાવત નહિ હોય.

$Ho_4$: શહેરી વિસ્તારની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના આચાર્યોનીં આપત્તિ વ્યવસ્થાપન અંગેની જાગૃતતામાં સાર્થક તફાવત નહિ હોય.

$Ho_5$: ગ્રામ્ય અને શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાઓના આચાર્યોમાં આપત્તિ વ્યવસ્થાપન અંગેની જાગૃતતામાં સાર્થક તફાવત નહિ હોય.

$Ho_6$: ગ્રામ્ય અને શહેરી વિસ્તારની માધ્યમિક શાળાઓના આચાર્યોમાં આપત્તિ વ્યવસ્થાપન અંગેની જાગૃતતામાં સાર્થક તફાવત નહિ હોય.

## ૫. અભ્યાસની મર્યાદા

પ્રસ્તુત અભ્યાસ ગુજરાત રાજયની ગુજરાતી માધ્યમમાં શિક્ષણ આપતી સરકારી અને અનુદાન લેતી અર્ધસરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાનો પુરતો સીમિત હતો.

## ૬. વ્યાપવિશ્વ અને નમૂનો

આ અભ્યાસનું વ્યાપવિશ્વ ગુજરાત રાજયની ગુજરાતી માધ્યમમાં શિક્ષણ આપતી સરકારી અને અર્ધસરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ હતી. નમુનો યદ્દચ્છ, સ્તરીકૃત પધ્ધતિથી પસંદ થયો હતો. આ નમુનામાં ૮૦ પ્રાથમિક શાળાઓ અને ૩૦ માધ્યમિક શાળાઓ મળી કુલ ૧૧૦ પ્રાથમિક, માધ્યમિક શાળાના આચાર્યોની આપત્તિ વ્યવસ્થાપન પરત્વેની જાગૃતતા ચકાસવામાં આવી હતી.

## ૭. સંશોધનનું ઉપકરણ

આપત્તિ વ્યવસ્થાપન પરત્વેની આચાર્યોની જાગૃતતા ચકાસવા ઉપકરણ [Awareness Scale] ની રચના કરવામાં આવી હતી. આ ઉપકરણમાં ધરતીકંપ, આગ અને પુર સાથે સંકળાયેલ આપત્તિ વ્યવસ્થાપનની જાગૃતતા ચકાસતી ૨૦ કલમો હતી.

## ૮. તારણો

૧. પ્રાથમિક અને માધ્યમિક શાળાના આચાર્યો આપત્તિ વ્યવસ્થાપન અંગેની જાગૃતતાના સંદર્ભે અર્થસુચક તફાવત ધરાવતા ન હતા.
૨. શહેરી વિસ્તારની શાળાના આચાર્યો કરતા ગ્રામ્ય વિસ્તારની શાળાના આચાર્યો આપત્તિ વ્યવસ્થાપન અંગે વધુ જાગૃત હતા.
૩. ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના આચાર્યો અને માધ્યમિક શાળાના આચાર્યો આપત્તિ વ્યવસ્થાપન અંગેની જાગૃતતાના સંદર્ભે સમાન હતા.
૪. શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના આચાર્યો અને માધ્યમિક શાળાના આચાર્યો આપત્તિ વ્યવસ્થાપન અંગેની જાગૃતતાના સંદર્ભે સમાન હતા.
૫. ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના આચાર્યો, શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના આચાર્યોથી ઓછા જાગૃત હતા.
૬. ગ્રામ્ય વિસ્તારની માધ્યમિક શાળાના આચાર્યો, શહેરી વિસ્તારની માધ્યમિક શાળાના આચાર્યોથી ઓછા જાગૃત હતા.

## ૯. ઉપસંહાર

આપત્તિ વ્યવસ્થાપન સાંપ્રત સમયની જરૂરિયાતનો વિષય છે. ગ્રામ્ય વિસ્તારની શાળાઓના આચાર્યોની આપતિ વ્યવસ્થાપન અંગેની જાગૃતતાની ઉણપ ચિંતાનો વિષય છે. શાળા, ભાવિનાગરીકોને આપત્તિ વ્યવસ્થાપન અંગેની તાલીમ આપવાનો સ્ત્રોત બની શકે તેમ છે. આચાર્યો શાળાના પ્રબંધક હોય આ વિષય અંગેનું તેમનું જ્ઞાન–જાગૃતતા મહત્વની બની રહે છે, દરેક આચાર્યોએ આ વિષયના અદ્યતન જ્ઞાનના સતત સંપર્કમાં રહેવું જ રહયું.

## સન્દર્ભસૂચિ


1. www.fema.gov
2. www.gsdma.org
3. www.gsdma.org
4. www.gujarat-india.com/policies
5. www.ndmindia.org
6. www.rospa.com
7. www.sristi.org